(101) કવિશ્રી ઉમાશંકર જોશીના કાવ્યસંગ્રહો નીચેનામાંથી કયા કયા છે ?

(A) નળાખ્યાન, રણયજ્ઞ, દશમસ્કંધ
(B) વસંતવર્ષા, મહાપ્રસ્થાન, અભિજ્ઞા
(C) સ્રોતસ્વિની, નિર્ઝરિણી, શૈવલિની
(D) છંદોલય, કિન્નરી, અલ્પવિરામ

(102) સુંદરીની ભૂમિકાને વધુ જીવંત બનાવવા લેખકે કયાં પાત્રોનો અભ્યાસ કર્યો ?

(A) ડેસ્ડીમોના અને માલતી
(B) રંભા અને મેનકા
(C) ગુલાબ અને રંભા
(D) રેખા અને મીના

(103) લેખક મેટ્રિકની પરીક્ષા દેવા ગયા ત્યારે બાએ શું કર્યું હતું ?

(A) બાએ લાપસી રાંધી હતી.
(B) બાએ મીઠાઈ વહેંચી હતી.
(C) બાએ મંદિરમાં પૂજા કરાવી હતી.
(D) બાએ પેંડા વહેંચ્યા હતા.

(104) 'કૃષ્ણને મેં બાળી નાખ્યા છે એટલે કૃષ્ણ કાળા છે' એમ કોણ ઝનૂનપૂર્વક માનતા થઈ ગયા હતા ?

(A) રમેશ પારેખ (B) પ્રહલાદ પારેખ (C) અનિલ જોશી (D) ઉમાશંકર જોશી

(105) ધોરણ-11 ગુજરાતી પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકના મુખ્ય પૃષ્ઠ-4 (છેલ્લા) પાના ઉપર કયા સાહિત્યકારનો ફોટો મૂકવામાં આવ્યો છે ?

(A) ચંદ્રકાન્ત શેઠ
(B) કેશવરામ શાસ્ત્રી
(C) બોટાદકર
(D) પન્નાલાલ પટેલ

(106) 'હાઇકુ' કાવ્ય સ્વરૂપનું બંધારણ નીચેનામાંથી કેટલા અક્ષરનું છે ?

(A) $5 + 7 + 5 = 17$
(B) $5 + 8 + 7 = 20$
(C) $7 + 3 + 7 = 17$
(D) $5 + 5 + 10 = 20$

(107) મા'રાજ ધર્માદાનું શી રીતે ખવાય ? દૃષ્ટાંતકથામાં કયા વિભાગમાં સખત દુષ્કાળની વાત કરવામાં આવી છે ?

(A) મહેસાણા (B) આનંદપુર (C) સુદામાનગર (D) રાધનપુર

(108) 'પરિરંભ' શબ્દનો સાચો અર્થ નીચેનામાંથી કયો છે ?

(A) આલિંગન (B) સંધ્યાકાળ (C) જલધારા (D) સંમોહિત થવું

(109) ટેકરાની જમીન <u>કઠણ</u> નહોતી. જો 'કઠણ' રેખાંકિત શબ્દ હોય તો તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્ય ફરીથી લખતાં કયું વાક્ય સાચું હશે ?

(A) ટેકરાની જમીન પોચી હતી.
(B) ટેકરાની જમીન પોચી નહોતી.
(C) ટેકરાની જમીન કઠણ હતી.
(D) ટેકરાની જમીન કઠણ નહોતી.

(116) સૂચિ 'I' ને સૂચી 'II' સાથે યોગ્ય રીતે જોડો.

| સૂચી 'I' | સૂચી 'II' |
|---|---|
| (1) નરસિંહ મહેતા | (અ) ઈવા ડેવ |
| (2) પ્રેમાનંદ | (બ) આદ્યકવિ |
| (3) શામળદાસ મૂળદાસ સોલંકી | (ક) કવિ શિરોમણિ |
| (4) પ્રફૂલ્લ નંદશંકર મહેતા | (ડ) શ્યામ સાધુ |

(A) (1-ક), (2-ડ), (3-બ), (4-અ) (B) (1-બ), (2-ક), (3-ડ), (4-અ)

(C) (1-ક), (2-બ), (3-ડ), (4-અ) (D) (1-અ), (2-બ), (3-ડ), (4-ક)

117) સૂચિ 'I' ને સૂચી 'II' સાથે યોગ્ય રીતે જોડો.

| સૂચી 'I' | સૂચી 'II' |
|---|---|
| (1) કિશનસિંહ ચાવડા | (અ) વાસુકિ |
| (2) ઉમાશંકર જોશી | (બ) ઈર્શાદ |
| (3) દેવજી રામજી મોઢા | (ક) જિપ્સી |
| (4) ચુનીલાલ મોદી | (ડ) શિરીષ |

(A) (1-અ), (2-ડ), (3-ક), (4-બ) (B) (1-ક), (2-અ), (3-ડ), (4-બ)

(C) (1-બ), (2-અ), (3-ડ), (4-ક) (D) (1-ડ), (2-અ), (3-બ), (4-ક)

118) 'જલન' માતરીએ 'જલન' કાવ્યસંગ્રહમાં કયા પ્રકારની સાહિત્ય રચનાઓનો સમાવેશ કરેલ છે ?

(A) સોનેટ (B) ઉર્મિગીત (C) લઘુનવલ (D) ગઝલ

119) ગઝલના છેલ્લા શેરને શું કહે છે ?

(A) મત્લા (B) મકતા (C) વલણ (D) ઢાળ

120) ધીરુબહેન પટેલે કઈ ફિલ્મનું પટકથાલેખન કરેલું છે ?

(A) માનવીની ભવાઈ (B) ભવની ભવાઈ

(C) ભવોભવની પ્રીત (D) ભાદર તારાં વહેતાં પાણી

121) ઝમકુ અને જમીન ચીભડાં વહેંચી કયા ગામને મારગે ઝપાટાભેર જઈ રહ્યાં હતાં ?

(A) અમરગામ (B) અમરાપુર (C) અમરનાથ (D) અમરાપરા

(122) 'તને તકલીફ થશે...' તેવું મોબાઈલમાં વાતચીત દરમિયાન હેમંતને કોણ કહી રહ્યું હતું ?

(A) સમીર (B) રમણિકલાલ (C) અશ્વિન (D) વસંત

(123) 'સ્ટેચ્યૂ રમવાની મઝા' કૃતિમાં જન્માષ્ટમીનો મેળો ક્યાં ભરાતો હતો ?

(A) ભવનાથ પાસે (B) સોમનાથ પાસે (C) પંચનાથ પાસે (D) પંચદેવ પાસે

(124) 'ધૂમકેતુ' એ ખલીલ જિબ્રાનના 'ધ પ્રોફેટ'નો અનુવાદ કયા નામે આપ્યો છે ?

(A) કન્યા વિદાય (B) વિદાય વેળા

(C) મિલનની ક્ષણો (D) પ્રથમ મિલન

(125) સૂચિ 'I' ને સૂચી 'II' સાથે યોગ્ય રીતે જોડો.

| સૂચી 'I' | સૂચી 'II' |
|---|---|
| (1) મહેશ યાજ્ઞિક | (અ) પરાજય |
| (2) ગૌરીશંકર જોશી | (બ) અમે બધાં |
| (3) ચિનુ મોદી | (ક) લીલા નાગ |
| (4) જ્યોતીન્દ્ર દવે | (ડ) છળકપટ |

(A) (1-ડ), (2-અ), (3-ક), (4-બ) (B) (1-બ), (2-અ), (3-ક), (4-ડ)

(C) (1-બ), (2-અ), (3-ડ), (4-ક) (D) (1-બ), (2-ડ), (3-ક), (4-અ)

(126) નીચેના વાક્યોમાંથી પદસંવાદની દૃષ્ટિએ કયું વાક્ય સાચું નથી ?

(A) મોટાભાઈ આવ્યા અને મોટાબહેન ગયા. (B) મેં મગફળી અને ગોળ ખાધાં.

(C) તમે ઘરમાં શો ફેરફાર કર્યો ? (D) રમણલાલ શી વસ્તુ લઈ જશે ?

(127) અપાદાન વિભક્તિ કયા કાર્યનો ભાવ બતાવે છે ?

(A) ક્રિયાપદની સાથે કર્મનો સંબંધ બતાવે છે. (B) છૂટા પડવાનો, અંતર બતાવવાનો સંબંધ ધરાવે છે.

(C) ક્રિયાનાં સ્થળ કે સમય બતાવે છે. (D) સંજ્ઞા સાથે સંજ્ઞાને સંબંધ બતાવે છે.

(128) "સધરા જેસંગનો સાળો" કોની ખ્યાતનામ નવલકથા છે ?

(A) ચુનીલાલ મડિયા (B) કનૈયાલાલ માણેકલાલ મુનશી

(C) 'ધૂમકેતુ' ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી (D) હરીવલ્લભ ભાયાણી

(129) "એમ ઉગાર્યો ચંદ્રહાસ" કાવ્યના અંતે "વલણ"માં કોની મનઃસ્થિતિ દર્શાવી છે ?

(A) ચંદ્રહાસની
(B) વિષયાની
(C) નારદની
(D) ધૃષ્ટબુદ્ધિ પ્રધાનની

(130) રવિશંકર મહારાજના જીવનનું સૂત્ર કયું હતું ?

(A) પરોપકાર પરમોધર્મ
(B) પરીશ્રમ એ જ પારસમણી
(C) સેવાકાર્ય એ જ જીવન
(D) ઘસાઈને ઊજળા થાઓ.

(131) "સમૂળ ઊખડી ગયેલ મૃદુવેલ શી એ પડી" આ પંક્તિ કોને ઉદ્દેશીને લખાયેલ છે ?

(A) કલિંગ
(B) સ્ત્રીઓ
(C) પ્રજા
(D) મૃત્યુ શય્યા

(132) "કપોત કંઠ, કર કુંજરના સરખા, હથેળી અંબુજવરણ, બાયે બાજુબંધ બેરખા મુદ્રિકા આદે આભરણ." ઉપરોક્ત પંક્તિમાં કોનું વર્ણન છે ?

(A) નળરાજા
(B) મદનકુંવર
(C) અર્જુન
(D) ચંદ્રહાસ

(133) "મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધુ જગત શાંત થઈ જાય" આ વાક્ય કોણ બોલે છે ?

(A) ઈશ્વર પેટલીકર
(B) ગૌરીશંકર જોષી
(C) મુકેશ જોષી
(D) ઉમાશંકર જોષી

(134) નીચેના વાક્યમાં રેખાંકિત પદોમાં 'ઇ' પ્રત્યય ઉમેરી સાચા ફેરફારવાળુ વાક્ય શોધો.

"ચોરીનો ધંધો કરવો એ ઇશ્વરનું <u>છેતરામણ</u> કર્યું ગણાય."

(A) ચોરી કરવી એ ઇશ્વર સાથે છેતરામણી કરી ગણાય.

(B) ચોરીનો ધંધો કરવો એ ઇશ્વર સાથે છેતરામણું છે.

(C) ચોરીનો ધંધો કરવો એ ઇશ્વર સાથે છેતરામણ છે.

(D) ચોરી કરવી એ ઇશ્વર સાથે છેતરામણ કર્યું ગણાય.

(135) વાક્યના કર્તા અને કર્મના લિંગ, વચનમાં ફેરફાર થાય તો પણ કેટલાંક ક્રિયાપદો ફેરફાર ન પામે તેવી રચનાને શું કહે છે ?

(A) કર્તરિ રચના
(B) ભાવે રચના
(C) કર્મણિ રચના
(D) સરળ રચના

(136) કાર્યની અસફલતાનો આધાર તેની આગળના કાર્ય પર નિર્ભર હતો એવો ભાવ દર્શાવતી રચનાને શું કહે છે ?

(A) ક્રિયાતિ પત્ત્યર્થ
(B) વિધ્યર્થ
(C) સંભવનાર્થ
(D) નિષેધાર્થ

(137) કોઈ વાક્યમાં પ્રશ્નો પૂછવાનો ભાવ હોય ત્યારે છેડે પ્રશ્નચિહ્ન મુકાય છે. પરંતુ જો વચ્ચે શું જોડનાર હોય તો પ્રશ્નચિહ્ન મુકાતું નથી.

(A) ઉદ્‌ગાર
(B) અલ્પવિરામ
(C) ઉભયાન્વયી
(D) વિરામચિહ્ન

(138) નીચેના વિધાનો કયા સાહિત્યકારને લાગુ પડે છે ?

(1) 'ઝબૂક વીજળી ઝબૂક' તેમનો કાવ્યસંગ્રહ છે.

(2) 'સતકેરી વાણી' એમનો ભજનસંગ્રહ છે.

(3) નંદીગ્રામમાં 'કોમ્યુન લાઈફ' વિકસાવી છે.

(A) સુરેશ જોશી
(B) નવલગમ પંડ્યા
(C) મકરંદ દવે
(D) નર્મદ

(139) 'દીપ્તિ તેના નયનમહીં છે દર્પ કેરી ભરેલી' પંક્તિમાં 'દીપ્તિ' શબ્દનો અર્થ જણાવો.

(A) અંધકાર
(B) એકલતા
(C) ભયજનક
(D) પ્રકાશ

(140) 'સીમ અને ઘર' સોનેટનો પ્રકાર જણાવો.

(A) શેક્સપિયરસાઈ સોનેટ
(B) પેટ્રાર્કશાહી સોનેટ
(C) નિયમિત સોનેટ
(D) અનિયમિત સોનેટ

(141) સાસરીયામાં દીકરીને પડતા અસહ્ય દુઃખની વાત કયા લોકગીતમાં કરવામાં આવી છે ?

(A) ચાંદલિયો
(B) વનમાં ચાંદલિયો ઊગ્યો
(C) ભવના અબોલા
(D) તેજમલ

(142) 'સમીરે <u>તેને</u> ગુલાબ આપ્યું' રેખાંકિત અક્ષર કઈ વિભક્તિનો છે ?

(A) કરણ વિભક્તિ
(B) અપાદાન વિભક્તિ
(C) સંપ્રદાન વિભક્તિ
(D) અધિકરણ વિભક્તિ

(143) ધનુર્બાણ ગ્રહી હાથે ને વાઘા વનમાં સજી, દૂરથી આવતો દેખે વ્હાલાને કૈંક વેગથી, - આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

(A) શાર્દૂલવિક્રીડિત
(B) દોહરો
(C) અનુષ્ટુપ
(D) ચોપાઈ

(144) કૃતિ-સાહિત્ય સ્વરૂપના યોગ્ય જોડકાં જોડો.

| 'કૃતિ' | 'સાહિત્ય - સ્વરૂપ' |
|---|---|
| (1) શ્યામ રંગ રાખીયે | (અ) લોકગીત |
| (2) ઊર્મિલા | (બ) ગઝલ |
| (3) જુઓ | (ક) ગરબી |
| (4) ભવના અબોલા | (ડ) ખંડકાવ્ય |

(A) (1-ક), (2-ડ), (3-અ), (4-બ)
(B) (1-ક), (2-ડ), (3-બ), (4-અ)
(C) (1-ક), (2-અ), (3-બ), (4-ડ)
(D) (1-ડ), (2-ક), (3-બ), (4-અ)

(145) પથ્થરો બોલે તો બોલાવી જુઓ, શક્યતાના દ્વાર ખખડાવી જુઓ - પંક્તિનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

(A) પથ્થરોને બોલાવી જોવાનું સૂચન કરે છે.

(B) શક્યતાને ખખડાવવાનું સૂચન કરે છે.

(C) પથ્થરો વડે શક્યતાને ખખડાવવાનું સૂચન કરે છે.

(D) અશક્યતાની શક્યતાને ચકાસી જોવાનું સૂચન કરે છે.

(146) બે પેઢી વચ્ચેના અંતરને કારણે 'જુની પેઢીને ખાલીપો મળે છે' આ વેદના કયા કાવ્યમાં રજૂ થઈ છે ?

(A) બાને
(B) બા એકલા જીવે
(C) ભવના અબોલા
(D) બા એટલે બા

(147) કૃતિ - રચનાકાર વિશે સાચાં જોડકાં જોડો.

| 'કૃતિ' | 'રચનાકાર' |
|---|---|
| (1) સત્યાગ્રહાશ્રમ | (અ) વિનોદિની નીલકંઠ |
| (2) અમરનાથની યાત્રાએ | (બ) મુકુન્દરાય પારાશર્ય |
| (3) સૌજન્યશીલ પ્રભાશંકર | (ક) ઈવા ડેવ |
| (4) સેલ્વી પંકજમ્ | (ડ) વિનોબા ભાવે |

(A) (1-ડ), (2-અ), (3-બ), (4-ક)
(B) (1-ડ), (2-અ), (3-ક), (4-બ)
(C) (1-ડ), (2-ક), (3-અ), (4-બ)
(D) (1-ડ), (2-બ), (3-અ), (4-ક)

(148) નીચે આપેલ વાક્યોને ઘટનાક્રમ મુજબ ગોઠવો.

(1) એલિસબ્રિજના રસ્તે ચાલીને સવારે આઠ વાગ્યે આશ્રમ પહોંચ્યા.

(2) બાપુને ખબર પહોંચાડાઈ કે કોઈ નવા ભાઈ આવ્યા છે.

(3) હું અમદાવાદ સ્ટેશને ઉતર્યો.

(4) એમના પ્રથમ દર્શને જ મને શ્રમનો પાઠ મળ્યો.

(A) 2, 3, 4, 1 (B) 2, 4, 1, 2

(C) 2, 3, 1, 4 (D) 2, 1, 3, 4

(149) ડૉ. બાબા સાહેબના જીવનની તત્ત્વત્રયીનું મૂળ શામા છે ?

(A) ટોલ્સટોયના પુસ્તકમાં (B) ફ્રેંચ રાજ્યની ક્રાંતિમાં

(C) ભગવદ્દ્ગીતામાં (D) બુદ્ધના જ્ઞાનદર્શનમાં

(150) નીચે દર્શાવેલ વિધાનોમાં કયું વિધાન હેત્વર્થ કૃદંતનું નથી.

(A) આ પુસ્તક વાંચવું મને ગમશે. (B) આ ચોપડી વાંચવાને માટે હું લઈ જઈશ.

(C) હું ખાવા માટે આવ્યો નથી. (D) ખાવાને માટે જ તે આવ્યો હતો.

(151) 'મેં તો કાંચના કર્યા કમાડ' - પંક્તિમાંથી વિશેષણ શોધીને લખો.

(A) મેં (B) કર્યા (C) કાચના (D) કમાડ

(152) રૂઢિપ્રયોગના યોગ્ય જોડકાં જોડો.

(1) હાથ વાટકો થવું (A) તાલાવેલી થવી

(2) ચણચણાટી થવી (B) ખાઈ જવું

(3) ભરખી જવું (C) નાના-મોટાં કામમા ઉપયોગી થવુ.

(A) 1 - A, 2 - B, 3 - C (B) 1 - C, 2 - B, 3 - A

(C) 1 - B, 2 - C, 3 - A (D) 1 - C, 2 - A, 3 - B

(153) વિકારી વિશેષણ ધરાવતો શબ્દ ઓળખાવો.

(A) સારું (B) ચપળ

(C) સરસ (D) લાલ

54) 'કાગળનાં કેસૂડાં' નામનું પુસ્તક નીચેનામાંથી કયા લેખકનું છે ?

(A) નટવરલાલ બૂચ
(B) જ્યોતીન્દ્ર દવે
(C) વિનોદ ભટ્ટ
(D) બકુલ ત્રિપાઠી

55) 'હું તો મારી તમામ મુસીબતોની પળોમાં ગીતા માતા પાસે દોડી જાઉં છું અને અત્યાર સુધી આશ્વાસન મેળવતો રહ્યો છું' - આ વિધાન ભગવદ્દગીતા માટે કોણ કહે છે ?

(A) હેનરી ડેવિડ થોરો
(B) અલ્ડુ હકસલી
(C) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ
(D) ગાંધીજી

56) ખોરડું નાનુ સૂરજના ઉજાસે મોટું આંગણ. - આ હાઈકુની રચના કયા કવિએ કરી છે ?

(A) રાવજી પટેલ
(B) સ્નેહરશ્મિ
(C) મુરલી ઠાકુર
(D) પ્રિયકાન્ત મણિયાર

57) પતિ-પત્ની પ્રેમ અને કર્તવ્યના તીવ્ર સંઘર્ષનું વર્ણન કવિ બોટાદકરે કઈ કૃતિમાં કરેલ છે ?

(A) દમયંતિ સ્વયંવર
(B) ઊર્મિલા
(C) ઉછીનું માંગનારાઓ
(D) સૌજન્યશીલ પ્રભાશંકર

58) જ્યારે ઉપમેયને ઉપમાન કરતાં ગુણ, ક્રિયા કે ભાવની બાબતમાં ચઢિયાતું દર્શાવવામાં આવે ત્યારે કયો અલંકાર બને ?

(A) રૂપક
(B) વ્યતિરેક
(C) ઉત્પ્રેક્ષા
(D) શ્લેષ

59) 'ભાણી' ઊર્મિકાવ્ય કઈ મૂળ કૃતિમાંથી લેવામાં આવ્યું છે ?

(A) 'નળાખ્યાન'માંથી
(B) 'યાયાવરી'માંથી
(C) 'ગોરસી'માંથી
(D) 'છંદોલય બૃહત્'માંથી

60) <u>વાંચનારા</u> પાસ થઈ જવાના છે. - રેખાંકિત શબ્દમાં કયા કૃદંતનો પ્રકાર છે તે જણાવો.

(A) સામાન્ય કૃદંત
(B) ભવિષ્ય કૃદંત
(C) ભૂતકૃદંત
(D) વર્તમાન કૃદંત

61) 'વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ ! માડીનો મેઘ બારે માસ રે !' - આ પંક્તિ કયા અલંકારની છે ?

(A) વ્યતિરેક
(B) રૂપક
(C) ઉત્પ્રેક્ષા
(D) ઉપમા

62) 'છેલ્લુ દર્શન' કાવ્યમાં કવિએ 'મંગલતાના સૂચક' તરીકે કોને ગણાવ્યું છે ?

(A) પૂજન સામગ્રી
(B) અગ્નિનું સાક્ષિત્વ
(C) પત્નીનું સૌંદર્ય
(D) મૃત્યુ

(163) ઉદ્દાલક ઝૂંપડી બાંધીને રહેતો હતો. - આ વાક્યમાં ઉદ્દેશ્ય ખંડ જણાવો.

(A) બાંધીને (B) ઝૂંપડી (C) ઉદ્દાલક (D) રહેતો

(164) પરમાત્માને શાના દ્વારા સરળતાથી પામી શકાય છે, તેવું કવિ દૃઢપણે માને છે ?

(A) શાસ્ત્રજ્ઞાન દ્વારા (B) કેવળ ધ્યાન દ્વારા

(C) પ્રેમભક્તિ દ્વારા (D) તપશ્ચર્યા દ્વારા

(165) પંકજમે પોતાની વાસ્તવિકતા જણાવતાં નાયકને પોતાને માટે 'કાદવનું કમળ' એવું શા માટે કહ્યું છે ?

(A) કારણ કે અમ્મા-અપ્પાએ તેને એવું નામ આપ્યું હતું.

(B) કારણ કે તેનો જન્મ નિમ્ન અને ત્યજાયેલી જગ્યાએ થયો હોવા છતાં તેના સંસ્કાર ઉચ્ચ અને નિર્મળ હતા.

(C) કારણ કે તે કાદવવાળા વિસ્તારમાં રહેતી હતી.

(D) કારણ કે તેને કાદવમાં રમવું ગમતું હતું.

(166) 'ઊર્મિલા' કાવ્યમાં કયા ત્રણ છંદો નિરુપાયા છે ?

(A) શિખરિણી, દોહરો, ચોપાઈ (B) હરિગીત, ઝૂલણા, સવૈયા

(C) પૃથ્વી, ચોપાઈ, ઝૂલણા (D) મંદાક્રાન્તા, અનુષ્ટુપ, શાર્દૂલવિક્રીડિત

(167) રાજકુમારોની રમતમાં હારે તેણે શું ખવડાવવાની શરત લાગી હતી ?

(A) ખાજાં (B) લાડુ (C) પૂરી (D) ખીર

(168) બાબાસાહેબે કયા સામયિકની સૌથી ઉપર તુકારામના ભજનની પંક્તિઓ લખી હતી ?

(A) બહિષ્કૃત ભારત (B) નાયક (C) ભારત (D) મૂકનાયક

(169) લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ નીચેના પૈકી કયું વાક્ય સાચું છે ?

(A) હાડમાંસનો એ નાનકડો લોચો સહેજ સળવળ્યો.

(B) ટાઢ ઠંડી જિરવવી એ ભોજાને માટે નવી નહોતી.

(C) ગીતાનું એક નિઃશૂલ્ક વર્ગ ચલાવ્યું.

(D) હું તો એ પહેલા ક્યારેય શાક સમાર્યું નહોતું.

(170) 'ઇશ્વર સર્વવ્યાપી' પાઠનો સાહિત્ય સ્વરૂપ જણાવો.

(A) હાસ્ય નિબંધ (B) પ્રવાસ નિબંધ (C) ચિંતનાત્મક નિબંધ (D) ચરિત્ર નિબંધ

(171) સમુદ્રમાં જળ-શોષણ કરતો માનતો અગ્નિ -શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) દાવાનળ (B) દીવાનળ (C) જાવાનળ (D) વડવાનળ

(172) 'લાંઠી કરવી' રૂઢિપ્રયોગનો સાચો અર્થ નીચેનામાંથી કયો છે ?

(A) કલ્પના કરવી (B) સખત મહેનત કરવી

(C) મજાક કરવી (D) મનોમંથન કરવું

(173) નીચેના વાક્યમાં નિપાત કયો છે ? 'બાપુ પણ કશું બોલ્યા વગર ચલમમાં તમાકું ભરવા લાગ્યા.'

(A) બોલ્યા (B) વગર (C) ભરવા (D) પણ

(174) નીચેના વાક્યોમાં પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય કયું છે ?

(A) એ દૂર દેશ ગુરુને ઘેર વિદ્યા ભણવા ગયો.

(B) પેલો ટેટો એક લાવો વડનો, એને જુઓ ભાંગીને.

(C) પાણીને એ કાઢી મીઠું તેમાંથી નાખીને પાસે મારી લાવ.

(D) એ ફેરવવા તું નંદનવનમાં માગે છે ધરતીને ?

(175) 'ભાણી' ઊર્મિકાવ્યના કવિનું નામ જણાવો.

(A) મકરંદ દવે (B) મુકેશ જોશી (C) જ્યોતીન્દ્ર દવે (D) ઈન્દુલાલ ગાંધી

(176) નીચે આપેલા શબ્દોમાંથી કયો શબ્દસમૂહ ખોટો છે ?

(A) ગીની-સોનાનો એક (બ્રિટીશ) સિક્કો (B) ચીલઝડપ - બાઝ - સમડી જેવી ઝડપે

(C) હવાડો - ઢોરને પાણી પાવાનો કુંડ (D) કૂબો - માટીની ભીંતવાળો ઓરડો

(177) પોતાના આરોગ્યની કાળજી માટે વિનોબાજીએ નીચેના કાર્યો કર્યાં. તેમાંથી કયું કાર્ય બંધ બેસતુ નથી ?

(A) દશ-બાર માઈલ ચાલવાનું શરૂ કર્યું. (B) છ થી આઠ શેર અનાજ દળવાનું શરૂ કર્યું.

(C) દરરોજ ત્રણસો નમસ્કાર કરવાના શરૂ કર્યાં. (D) અઠવાડિયામાં બે વાર ઉપવાસ કરવાના શરૂ કર્યાં.

(178) ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામજી ગીતા (શ્રીમદ્‌ભગવદ્‌ગીતા) વિશે શું કહે છે ?

(A) ભગવદ્‌ગીતા વિશ્વની સૌથી સુંદર તેમજ મહાન જ્ઞાનની દાર્શનિક કૃતિ છે.

(B) ગીતા માતા મુસીબતોની પળોમાં આશ્વાસન આપે છે.

(C) ગીતા વાંચીને બ્રહ્માંડની રચના અનાવશ્યક લાગે છે.

(D) ગીતા માનવમાત્ર માટે શાશ્વત પ્રેરણાનો સ્રોત છે.

(179) શ્યામ સાધુની કઈ ગઝલ ગુજરાતી પુસ્તકમાં છે ?

(A) સહી નથી (B) ભણકારા (C) જુઓ (D) સીમ અને ઘર

(180) 'અભિરામ' શબ્દનો શબ્દાર્થ કયો છે ?

(A) આરામ (B) મનમોહક (C) ઘુમ્મટ (D) આનંદમય

(181) "ભાષા એટલે ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ" - આ વ્યાખ્યા કયા ભાષાશાસ્ત્રીની છે ?

(A) સ્વીટ (B) એડગર (C) રોબર્ટ (D) વિલિયમ ડ્રવાઇડ

(182) વાર્ષિક શૈક્ષણિક આયોજન કરતી વખતે શિક્ષકે જુદી જુદી બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે, જુદી જુદી બાબતોમાં નીચેના પૈકી કઈ બાબત આવશ્યક નથી ?

(A) સમયમર્યાદા (B) વિષયવસ્તુ (C) પદ્ધતિ (D) ભૌતિક સુવિધાઓ

(183) આદર્શ કા.પા. કાર્ય (ફલક નોંધ) બાબતે નીચે જણાવેલ બાબતો પૈકી યોગ્ય વિકલ્પ કયો છે ?

(i) વિષયવસ્તુના તારવેલા બધા જ વિશ્લેષણને કા.પા.માં નોંધવા જરૂરી નથી.

(ii) કા.પા. કાર્ય કર્યા પછી વર્ગખંડ છોડતાં પહેલાં કા.પા. નોંધ સાફ કરવી.

(A) ફક્ત (i) (B) ફક્ત (ii)

(C) (i) અને (ii) બંને (D) (i) અને (ii) પૈકી એક પણ નહિ

(184) લેખનકાર્યની કઈ પદ્ધતિમાં બાળક સ્વયં લેખનકાર્ય સુધારે છે ?

(A) જેકોટેટ પદ્ધતિ (B) મોન્ટેસરી પદ્ધતિ

(C) પેસ્ટોલોજીની રચનાત્મક પદ્ધતિ (D) અનુકરણ પદ્ધતિ

(185) નીચેના પૈકી કઈ પદ્ધતિ 'સ્વઅધ્યયન કેન્દ્રી' પદ્ધતિ છે ?

(A) અભિક્રમિત અધ્યયન (B) જૂથચર્ચા

(C) નાટક (D) પરિસંવાદ

(186) શિક્ષક વિદ્યાર્થીઓને શાંતવાચન કરાવતાં પહેલાં બે-ત્રણ પ્રશ્નો આપી વાંચન કરવાનું કહે છે. આ પ્રક્રિયામાં શિક્ષકે આપેલા પ્રશ્નોને કયા પ્રકારના પ્રશ્નો કહેવાય ?

(A) આરંભ પ્રશ્નો (B) હેતુ પ્રશ્નો

(C) સ્વાધ્યાય પ્રશ્નો (D) પૂર્તિ પ્રશ્નો

(187) નીચેના પૈકી કઈ બાબત / બાબતો આગમન પદ્ધતિને લાગુ પડે છે ?

(i) વિદ્યાર્થીઓ તર્કબદ્ધ વિચારણા કરી નિયમોની તારવણી, ચકાસણી કરી શકે છે.

(ii) ગોખણપટ્ટીને કોઈ અવકાશ નથી.

(A) ફક્ત (i) (B) ફક્ત (ii) (C) (i) અને (ii) બંને (D) એક પણ નહિ

188) આપેલા ઉપકરણોમાં કયું ઉપકરણ દૃષ્ટિગમ્ય નથી ?

(A) ચિત્રો (B) મોબાઇલ (C) ભીંતપત્રો (D) ફ્લેશકાર્ડ

189) નીચેના પૈકી કયું સોપાન પ્રોજેક્ટ (પ્રકલ્પ) પદ્ધતિનું પ્રથમ સોપાન છે ?

(A) યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ (B) પ્રોજેક્ટની પસંદગી

(C) આયોજન (D) મૂલ્યાંકન

190) નીચેના પૈકી 'ચક્રકેન્દ્રી પદ્ધતિ' કઈ છે ?

(A) નિરીક્ષિત અભ્યાસ (B) મધપૂડો (C) સંવાદ (D) અધ્યાપન પ્રતિમા

191) "માતૃભાષા એ શિક્ષણમાં ચાળણી છે. જે માહિતી માતૃભાષા દ્વારા જ આપી શકાય તે બીજા રૂપમાં હજમ ન કરી શકાય." - આ વિધાન કયા કેળવણીકારનું છે ?

(A) રવિન્દ્રનાથ ટાગોર (B) આચાર્ય વિનોબા ભાવે

(C) મહાત્મા ગાંધી (D) કાકા કાલેલકર

192) 'શૈક્ષણિક ધ્યેયો'ને લાગુ ન પડતું હોય તેવું વિધાન કયું છે ?

(A) સમગ્ર શિક્ષણ સાથે સંબંધિત છે.

(B) સૈદ્ધાંતિક, વ્યાપક અને અંતિમ સ્વરૂપના હોય છે.

(C) વિષયના સમગ્ર શિક્ષણ વ્યવહારને અંતે સિદ્ધ થાય પણ ખરાં અને ન પણ થાય.

(D) તેનો આધાર વિષય, ધોરણ અને વિષયાંગ છે.

193) જ્ઞાનાત્મક હેતુઓમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) ઉપયોજન (B) સંશ્લેષણ

(C) મૂલ્ય અધિગ્રહણ (D) મૂલ્યાંકન

194) 'વિદ્યાર્થીઓ મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરે.' - આ સામાન્ય હેતુને અનુલક્ષીને વિશિષ્ટ હેતુ કયો છે ?

(A) વિદ્યાર્થીઓ વાચનસામગ્રીનો સારાંશ દર્શાવે.

(B) વિદ્યાર્થીઓ રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓનું ક્રમબદ્ધ વર્ણન કરે.

(C) વિદ્યાર્થીઓ વાક્યરચનાઓ શુદ્ધ બનાવે.

(D) વિદ્યાર્થીઓ મુદ્દાને આધારે વાર્તાલેખન કરે.

195) "પાઠ આયોજન એ શિક્ષક દ્વારા થતું, વર્ગવ્યવહારને અમલમાં મૂકવા માટેના કાર્યક્રમરૂપ પૂર્વ દર્શનની રૂપરેખા હોય છે." - આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) બોસિંગ (B) ભાટિયા અને અરોરા

(C) બિનિંગ અને બિનિંગ (D) ડૉ. રવીન્દ્ર દવે

(196) શિક્ષકે વિદ્યાર્થીઓને નવા શબ્દોથી પરિચિત કરવા માટેની વિવિધ પ્રયુક્તિઓ છે; તે પૈકી કઈ પ્રયુક્તિ અસરકારક ગણાવી શકાય ?

(A) શબ્દને વાક્યમાં પ્રયોજીને
(B) સમાસ વિગ્રહ કરીને
(C) આકૃતિ, ચિત્ર કે મૉડેલ દ્વારા સમજ
(D) કા.પા.માં નોંધ કરીને

(197) નીચેના પૈકી કઈ પદ્ધતિ ગુજરાતી ભાષાશિક્ષણની શિક્ષકકેન્દ્રી પદ્ધતિ છે ?

(A) વર્ણન
(B) કાર્યશાળા
(C) નિરીક્ષિત અભ્યાસ
(D) અધ્યાપન પ્રતિમાન

(198) વર્ગમાં પ્રશ્ન પૂછવાની રીત બાબતે વિગત ચકાસો.

(i) પ્રશ્નનું પુનરાવર્તન કરવું.

(ii) અતિ ઝડપથી પ્રશ્નો પૂછવા.

(A) ફક્ત (i) યોગ્ય
(B) ફક્ત (ii) યોગ્ય
(C) (i) અને (ii) બંને યોગ્ય
(D) (i) અને (ii) બંને અયોગ્ય

(199) "વાચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવાની પ્રક્રિયા છે." - આ વ્યાખ્યા કયા અભ્યાસીએ આપી છે

(A) રોબિન્સન
(B) ઝડમેન
(C) થોર્નડાઇક
(D) રુથસ્ટ્રેંગ

(200) નીચેનાં વિધાનો પૈકી સાચું વિધાન કયું છે ?

(A) શ્રવણ કૌશલ્ય વિકાસ પર બુદ્ધિ અસર કરે છે.

(B) અર્થગ્રહણ કૌશલ્યોમાં શ્રવણ અને લેખન બંનેનો સમાવેશ થાય છે.

(C) વ્યક્તિ જ્યારે બોલે છે, ત્યારે કથન કરે છે તેમ કહેવાય જ.

(D) ગદ્ય-પદ્ય સમીક્ષા એ લેખિત અભિવ્યક્તિનું સ્વરૂપ નથી.

◆◆◆